# સહિયર (સ્ત્રી સંગઠન)નાં મહત્ત્વનાં નવા પ્રકાશનો

**નારી આંદોલનનો ઈતિહાસ : ભાગ ૧ થી ૪ (સેટની કિંમત રૂ ા. ૮૦૦/-)**

**–લેખિકા : ડૉ. તૃપ્તિ શાહ** **પ્રકાશક :** ઉન્નતિ વિકાસ શિક્ષણ અને સહિયર (સ્ત્રી સંગઠન)

સ્ત્રીઓના સમૂહમાં થતા સંવાદ-ચર્ચા, સવાલ-જવાબ સ્વરૂપે લખાયેલ આ પુસ્તિકા શ્રેણીની ભાષા અને પધ્ધતિ સ્ત્રીઓ, પુરુષો, વિદ્યાર્થીઓ અને પાયાના કાર્યકરો માટે ઉપયોગી છે. પુસ્તિકાઓમાં ચિત્રો અને ગીતો દ્વારા જટીલ મુદ્દાઓ સરળ રીતે પ્રસ્તુત કર્યા છે.


**આ શ્રેણી શા માટે ?**

માનવતા અને સમાનતા પર આધારિત ન્યાયી સમાજના સર્જનની મથામણમાં જો અડધી માનવજાતનું દ્રષ્ટિબિંદુ સામેલ ન હોય તો નવી દુનિયાનું, બહેતર દુનિયાનું ચિત્ર અધૂરું જ રહે.

જો ઈતિહાસને સમજીશું તો જ આવતી કાલના સર્જન માટે અસરકારક કામ કરી શકીશું. જો કે, આવો સામાજિક ઈતિહાસ પણ જો માત્ર His Story (તેની - પુરુષની વાત) બનીને રહી જાય અને તેમાંથી Her Story (તેણીની - સ્ત્રીની વાત) અદ્રશ્ય રહે તો તે ઈતિહાસ અધૂરો છે. માટે જ વિકાસ કે સમાજ-પરિવર્તનના કામમાં સંકળાયેલા તમામ કાર્યકરો માટે નારી આંદોલનનો ઈતિહાસ જાણવો, સમજવો જરૂરી બને છે.

નારી આંદોલનનો ઈતિહાસ એટલે માત્ર સ્ત્રીઓનો ઈતિહાસ, એવું નથી. કારણ કે નારી-આંદોલન સમાજ-પરિવર્તનના આંદોલન સાથે ગાઢ રીતે સંકળાયેલું છે. જ્યારે જ્યારે પણ સમાજમાં મોટી ઘટનાઓ બને છે, ઊથલપાથલો થાય છે ત્યારે તેમાં સ્ત્રીઓની આગવી ભૂમિકા રહેલી હોય છે.

**ભાગ-૧, 'સ્ત્રી જીવન સંઘર્ષ : પ્રાચીન કાળથી ભક્તિ ચળવળ'**માં જેન્ડર, પિતૃસત્તા જેવી નારીવાદી વિભાવનાઓ ઉપરાંત પ્રાચીન કાળથી ભક્તિ ચળવળ સુધીના સમયનો સમાવેશ કર્યો છે. ગાર્ગી, સીતા, દ્રોપદી, મીરા વગેરેના અનુભવોને નારીવાદી દ્રષ્ટિથી આલેખ્યા છે. જ્ઞાતિપ્રથા તેમ જ પિતૃસત્તાના તાણાવાણા દ્વારા ઊભી થયેલ ભારતની બ્રાહ્મણીય પિતૃસત્તાની આછી રૂપરેખા આપેલી છે. હિંદુ ધર્મના બ્રાહ્મણવાદ સામેના પડકાર રૂપે શરૂ થયેલ બૌદ્ધ ધર્મ તેમ જ ભક્તિ ચળવળની વાત અને તેમાં સ્ત્રીઓની ભૂમિકાઓનો ઉલ્લેખ કરેલો છે. આ સમયે ભારતમાં પ્રસરી રહેલા ઈસ્લામની વાત પણ છે.




રૂા. ૧૫૦/-

**ભાગ-૨, 'સ્ત્રી સમાનતા અને મતાધિકાર : વિશ્વમાં નારી આંદોલન'**માં ૧૯મી સદીમાં, સ્ત્રી સમાનતા અને મતાધિકાર માટે વિશ્વમાં થયેલ સંઘર્ષની વાત છે. દુનિયામાં કોઈ પણ મોટું પરિવર્તન સ્ત્રીઓના યોગદાન વગર શક્ય નથી બન્યું અને સ્ત્રી સમાનતાની લડતો

પણ સમાજ પરિવર્તનના સંઘર્ષોની સાથે સાથે જ વિકસી છે, તેની છણાવટ આ ભાગમાં કરી છે. તેમાં પશ્ચિમના દેશોમાં સામંતવાદી વ્યવસ્થામાંથી મૂડીવાદી ઉત્પાદન પદ્ધતિ આવતાં સમાજ પરિવર્તનની લડતોની સાથે સ્ત્રીઓના અધિકારોની લડતો કઈ રીતે વિકસી તેની વાત, ઈંગ્લેંડ, ફ્રાંસ, અમેરિકા અને રશિયાની ક્રાંતિના અનુભવોના આધારે કરી છે.



રૂ. ૨૦૦/-


**ભાગ-૩ 'સામાજિક સુધારણા અને સ્વતંત્રતાની ચળવળ'**માં સ્ત્રીઓમાં ભારતની સામાજિક સુધારાની અને ત્યારબાદ સ્વતંત્રતાની ચળવળના સમયગાળાનો સમાવેશ કર્યો છે.

અંગ્રેજી શાસન સામેના ૧૮૫૭ ના બળવામાં સ્ત્રીઓ આને ખાસ કરીને દલિત, આદિવાસી સ્ત્રીઓની ભૂમિકા, સુધારાની ચળવળમાં સુધારકો, પુનરુત્થાનવાદીઓ, અંગ્રેજો અને દલિત બહુજનસમાજના સુધારકો અને સાવિત્રીબાઈ ફૂલે અને પંડિતા રમાબાઈ જેવી સ્ત્રીઓની ભૂમિકા, શિક્ષણ અને સમાનતા માટે રકમાબાઈ, રુકૈયા સખાવત હુસૈન જેવી સ્ત્રીઓનો સંઘર્ષ, તેમજ આઝાદીની લડતમાં અહિંસક સત્યાગ્રહ, ક્રાંતિકારી જૂથો અને આઝાદ હિંદ ફોજ એમ તમામ મોરચે સ્ત્રીઓએ આપેલ યોગદાનનો ખ્યાલ કેટલીક પ્રતિનિધિ સ્ત્રીઓની જીવનકથા દ્વારા રજૂ કરેલ છે. સ્વતંત્ર ભારતમાં સ્ત્રીઓને શું મળ્યું અને શું ના મળ્યું તેનાં લેખાં-જોખાં કરેલ છે તેમજ ૬૦-૭૦ના દાયકામાં ઊભા થયેલા જનઆંદોલનની વાતનો સમાવેશ કરેલ છે.



રૂ. ૨૦૦/-

**ભાગ-૪, 'નારીમુક્તિ આંદોલન : પ્રશ્નો અને પડકારો'**માં સમકાલીન નારી આંદોલનની પૂર્વભૂમિકા, તેની શરૂઆતનો સમય અને તાજેતરના પ્રશ્નો અને પડકારોને સમાવવાની કોશિશ કરી છે. સ્ત્રીઓ પરની હિંસા, બળાત્કાર, દહેજ, કૌટુમ્બિક હિંસા સામે શરૂ થયેલ આંદોલન, કૌટુંમ્બિક કાયદાઓ, કોમવાદનું રાજકારણ, વિશ્વીકરણ, વિકાસનીતિ સાથેના સંઘર્ષમાં કઈ રીતે વિસ્તરે છે તેની વાત છે. ધર્મ, જ્ઞાતિ, વર્ગ, અલગ યૌનિક અભિરુચિ ધરાવતી સ્ત્રીઓના અનુભવો, પ્રશ્નોની વિવિધતાના સ્વીકાર સાથે વિભાજિત થયા વગર મજબૂત નારી આંદોલન ઊભું કરવા માટેની પ્રાથમિક સમજ કેળવાય તેવો પ્રયાસ છે.



રૂ. ૨૫૦/-

## બાળપણ ગયું અને કિશોરાવસ્થા આવી.




રૂા. ૭૫/-

**કિશોરીઓ સાથે કામ કરનાર કાર્યકરો માટેની માર્ગદર્શિકા** (બીજી સુધારેલી આવૃત્તિ) બાળપણ વિદાય લેવા માંડે અને પુખ્તતા હજુ પૂરેપૂરી આવી ન હોય તેવી અવસ્થા એટલે કિશોરાવસ્થા. કિશોરાવસ્થાના સમયગાળામાં આવતા શારીરિક, માનસિક પરિવર્તનો વિશેના પ્રશ્નો, મૂંઝવણોમાં માર્ગદર્શક બની શકે, કારકિર્દી અને પુખ્ત વ્યક્તિ તરીકે પોતાની ભૂમિકા ભજવવા સક્ષમ બને, પોતાના અસ્તિત્વ અને વ્યક્તિત્વનો વિકાસ કરી શકે તે માટે આ માર્ગદર્શિકામાં ૧ થી ૧.૩૦ કલાકના ૮ સેશનનો સમાવેશ કરેલ છે. જેમાં શરીરની જાણકારી, સમાજિક બંધનો, સાચી સુંદરતા, મિત્રતા, પ્રેમ અને લગ્ન, છેડતી, બળાત્કાર અને હિંસાનો સામનો કરવાની રણનીતિઓ ઉપરાંત કિશોરીઓનેઆગળ વધવાની, સપનાઓ જોવાની પ્રેરણા મળે તેવા વ્યક્તિ ચિત્રોનો સમાવેશ કરેલ છે.

## સ્વસ્થ સમાજ જાતીય શોષણથી મુક્ત સમાજ :





રૂા. ૫૦/-

**સરકારી અને ખાનગી કામના સ્થળો તેમજ શૈક્ષણિક સંસ્થાઓમાં જાતીય સતામણી વિરોધી સમિતિ માટેના સાહિત્યનું સંકલન (બીજી સુધારેલી વિસ્તૃત આવૃત્તિ)**

જાતિય હિંસા એવો ગુનો છે કે જે ચુપકીદીની ચાદર હેઠળ ઢંકાયેલો રહે છે કારણ કે તેને ગુના તરીકે જોવાને બદલે સ્ત્રીની ઈજ્જત સાથે જોડી દેવામાં આવે છે.

વર્ષોના સંઘર્ષો બાદ ભારતની સુપ્રીમ કોર્ટે વિશાખા જજમેંટ, નામે જાણીતા ચુકાદામાં કામના સ્થળે થતી જાતીય સતામણીને મૂળભૂત અધિકારનો ભંગ ગણ્યો. તાજેતરમાં જ પસાર થયેલ કામના સ્થળે જાતીય સતામણી વિરોધી કાયદો "The Sexual Harassment of Women at Workplace (Prevention, Prohibition and Redressal) Act, 2013," નો અમલ કરવો સરકારી અને ખાનગી તમામ કામના સ્થળો, બિનસરકારી સેવાઓ આપતી સંસ્થાઓ, શૈક્ષણિક અને સ્વાસ્થ્ય સેવાઓ આપતી સંસ્થાઓ માટે ફરજિયાત છે.

આ પુસ્તિકામાં કાયદા અંગેની માહિતી, જાતીય સતામણી વિરોધી કમ્પ્લેઈન સમિતિ કઈ રીતે બનાવવી તથા આ સમિતિએ કઈ રીતે કામ કરવું તેનું માર્ગદર્શન છે. ઉપરાંત આ અંગે જાગૃતિ લાવવા માટે સેશન લઈ શકાય તેવી માહિતીનો સમાવેશ કરેલ છે. જાતીય હિંસા અંગે તાજેતરમાં ફોજદારી કાયદામાં થયેલ સુધારા અંગેની માહિતીનો પણ ટૂંકમાં સમાવેશ કરેલ છે.




રૂા. ૪૫/-

**સ્વતંત્રતાની સરવાણીઓ : (બીજી સુધારેલી આવૃત્તિ)**

ભારત દેશ અને સ્ત્રીઓની સ્વતંત્રતા માટે યોગદાન આપનાર સ્ત્રીઓના કાર્યો વિશેના રેખાચિત્રો

૧૯મી સદીમાં ભારતની સ્ત્રીઓની જિંદગી સુધારવા માટે જીવન સમર્પિત કરનાર સ્ત્રીઓ, ભારતની સ્વતંત્રતા માટે સત્યાગ્રહ કરનાર સ્ત્રીઓ અને ક્રાંતિકારી ચળવળમાં જોડાયેલ સ્ત્રીઓ અને સ્વતંત્ર ભારતને ઘડવામાં ફાળો આપનાર ૩૪ સ્ત્રીઓની તસવીર સાથે તેમના જીવન અને કાર્યો વિશેના લખાણનો સમાવેશ કર્યો છે. વિકટ સંજોગોમાં કાર્ય કરનાર આગલી પેઢીની આપણી આ માતામહિઓના જીવનમાંથી પ્રેરણા લઈ આપણું તથા આગામી પેઢીનું જીવન વધુ સારું બનાવવા સમાજ પરીવર્તન પંથે ચાલવાની ક્ષમતા વધે તે આશયથી આ બીજી આવૃત્તિ પ્રકાશિત કરી રહ્યા છીએ.




રૂા. ૨૦/-

**જાગૃતિ ગરબા-ગીત**

**(૭મી આવૃત્તિ)** પ્રથમ છ આવૃત્તિઓ દ્વારા નારીમુક્તિનો સંદેશ ગુજરાતના દૂર દૂરના ખૂણાઓમાં પહોંચાડી શકયા છીએ, તેનો આનંદ છે. નારીમુક્તિ અને માનવમુક્તિ પરસ્પર અભિન્નપણે સંકળાયેલા છે એવી સમજ સાથે આ નાનકડી પુસ્તિકાની સાતમી આવૃત્તિમાં નારીમુક્તિની સાથે સાથે માનવમુકિતનાં નવાં ગીતો ઉમેરી રહ્યાં છીએ, તેથી તેનું નામ જાગૃતિ ગરબા-ગીતો રાખ્યું છે.




રૂા. ૨૦/-

**બઢતે કદમ**

બાળકો તેમજ યુવાઓ માટેના પ્રગતિશીલ ગીતો

**અન્ય પ્રકાશનો :**

૧. નાટક : છોકરી આવી રે રૂા. ૧૫/-

૨. કિશોરી ગીત રૂા. ૦૫/-

૩. સ્ત્રી અને હિંસા રૂા. ૧૫/-